Saiyad Hakdars are married Saiyads. The term 'married Saiyad' includes a widower Saiyad. They are entitled to receive the following Haks or payments:—

Amounts payable to Saiyyeds

1. Sukhadi, Rs. 30/- every year to every Hakdar.
2. Sukhadi Vidaygiri. Rs. 5/- to 20/- as may be found proper.

   This payment is to be made only once in three years.

Note:—The above two payments are made only to Saiyad Hakdars. On the death of a Saiyad Hakdar the payment is made to his widow for her life.

As per then Indian Currency Rupees: 4, Anna: 4 & Paise: 0

Fatia Hak

3 Fatia Hak payable once a year for (deceased) olders (Gharda) Rs. 4-4-0 to Jalalshahi Saiyad and Rs. 3-12-0 to Nurshahi Saiyad every year. This Gharda Hak is to be paid only after the death of both the male Hakdar and his wife or widow.

   In fact this Fatia payment is to be made only when the above Sukhadi Hak ends) to the Hakdars' heirs in perpetuity.

4 Bismilla Hak for every male or female child of a Saiyad.

   Rs. 10/- to Jalalshahi Saiyad and Rs. 5/- to Nurshahi Saiyad.

   This Bismilla Hak is to be paid on or after the child became 4 years and 4 months and 4 days old.

5. Re 1/- and one coconunt to be given to the child who visits Durgah after Bismilla to pay respects.

6. For Shadi (marriage) of a minor son or daughter Rs. 20/- to Jalalshahi and Rs. 10/- to Nurshahi.

7. Moti Maiyat (death of a married Hakdar) Rs. 20/- to Jalalshahi and Rs. 10/- to Nurshahi Saiyad.

8. Nani Maiyat (death of an unmarried Saiyad.) Rs. 10/- to Jalalshahi and Rs. 5/- to Nurshahi.

9. Oyana Chudiyo. Rs. 3/- to be paid to the wives of the Hakdar Saiyad at the time of Sukhadi Vidaygiri paid as mentioned in No. 4 above only once in three years.

Special payments made to Pirana Saiyads only :—

Kanam and Petlad Saiyads also get it or share if present at Pirana on that occasion.

10. On every Dhro Atham i. e. Bhadarva Sud 8th

Rs. 0-4-0 to every male Hakdar.

Rs. 0-2-0 to every child of his.

11. On the Ramzan Id and on Bakri Id, 4 Lbs of rice and 4 annas to every Hakdar Saiyad and annas two to his children

12. Rajni Vidaygiri payable when accounts of Sukhadi are settled. Re. 1-0-0 to every Hakdar Saiyad every three years.

13. Chilla coming to the Durgah, to days after confinement Re. 1/- and one cocoanut.

A Kanam Petlad and Surat Saiyad can get this only if the birth has taken place in Pirana and the lady goes to the Durgah after 40 days.

14. If a Saiyad bride groom visits the Durgah to pay respects when in procession before the marriage, Re. 1/- and one cocoanut to be given to him and if the bride groom and bride go to the Durgah together after the marriage to pay respect Re. 1/- and one cocoanut to the bride.

15. Oras Occasions :—

(a) Rs. 3/- and three pounds of ghee and cooked Khichadi mixed with ghee to each of the Pirana Saiyads and Rs. 3/- to each of the other Saiyads from Kanam (including Surat) and Petlad who are in Pirana.

(b) The Saiyads perform the sandalwood ceremony. They shall be fed at the common kitchen during the oras days.

Sandal Ceremony, by applying Sandal to the Tomb, is performed by Saiyyeds
Special Note: Later on this Sandal is washed and from that water, "Paval" tablets

16. Two Haptas one on Magsir Sud 2nd and the other on Jesth Sud 2nd to very Saiyad Hakdar

Magsir Sud 2nd	Jesth Sud 2nd
2 Mnds of Paddy	2 Mnds of Paddy
1/2 Mnd of Bajri	1/2 Mnd of Bajri
1/2 Mnd of Mug	1/2 Mnd of Mug
3 Lbs of Ghee	6 Lbs of ghee
$1\frac{7}{8}$ Lbs of Castor oil	$1\frac{7}{8}$ Lbs of Castor oil
$4\frac{1}{2}$ Lbs of salt	$4\frac{1}{2}$ Lbs of salt
Rs, 2-4-0 Cash	Rs. 2-4-0 Cash
Chandrat's Hak.	

17. **Subrat and Mohurrum** :—

On each of these occasion 4 lbs of rice and and for Subrat 1/2 cocoanut kernol in addition to every Saiyad Hakdar.

18. Every year three Kinkhab Galefs are changed and new ones are substituted on Sandal day. These three Galefs are to be given to three married Saiyads in serial order of their names entered in a book according to the date on which information of the marriage is given to Kaka Saheb. Those lover in the list have to wait their turn in subsequent years.

Cotton Chadars are to be given if received not otherwise.

Offerings (in cash or kind) placed outside the Durgah on Fatia occasion are to be taken by the Saiyad who recites the Fatia.

(It is the exclusive right of the Saiyads to recite Fatia at the Durgah of Pir Imamshah).

Saiyads have exclusive rights to recite Fatia at the Pir Imam Shah's Durgah

19. The Saiyads are exclasively entitled to the Prasad to be distributed on the Sud 1 of every month and on the days following those of the three Sandals.

20. If a Saiyad Hakdar goes on tour to :—

Cutch	Rs. 5/-
Kathiawar	Rs. 3/-
Dholka	Rs. 2/-
Bombay, Surat or Behrampur	Rs. 4/-

21. Mangoes in the season :—

nthere Whaerecrops the old practice or giving abcut 1 maund to each Saiyad Hakdar should be continued if practicable.

22. If there be any arrangements for water supply on behaf of the institution, water may be supplied to the Saiyads also free of charge.

Bathini Khichadi i. e. once cooked.

23. Khichadi mixed with ghee on the occasion of the death of a Pirana Saiyad to be given to all those that come to the Durgah for the funeral.

24. Cooked Khichadi and ghee from the kitchen to every Saiyad on alternate days

25. Presents given when Kaka Saheb leaves Pirana on an official tour

Rs. 50/- ....if he goes to Cutch.

Rs. 20/- ....if he goes to Surat.

Rs. 10/- ....if he goes to Bhavnagar.

Rs. 10/- .... .if he goes to Kanam Charotar or Baroda

When body of Kaka is buried in Roza premises, the Rent for the Land is payable to Saiyyads. Which means the property owners are Saiyeds

26. The Pirana Saiyad Panch is paid Bhoy Bhada Rental for land) from the institution when a Gadiwala Kaka Saheb or Karbhari Kaka is buried in the Roza premises. The amount depends upon the space where he is buried. The old practice should be followed in this respect.

27. When a person is weighed against a substance (e. g. salt, molasees) or if he performs Pradakshana (going round the Durgah with any substance) that substance is taken by the Saiyads and not the institution.

Offerings when weighed in person or when performed in Pradakshana, goes directly to Saiyyads

28. Mohurrum Tazias :—

Rs. 35/- and cooked Khichadi mixed with ghee to Saiyads Giro or Mohurrum party for six days i. e. from 4th to 9th Mohurrum.

29. A Saiyad of Petlad, Kanam or Surat has the right when he is in Pirana, to dine at the common kitchen if he asks for uncooked Sidha he should be given as provisions what is to be cooked in the

Saiyyads have right to dine in the common kitchen

kitchen on that day. When he leaves he should be paid Re. 1/- and a cocoanut.

If any Kaka goes on tour, local saiyyeds have to be paid money.

30. The Kaka Saheb being on tour in Kanam or at Petlad or Surat or any other place the Saiyads of the respective places will be paid Rs. 20/- The Saiyads of other places if present at that place will be entitled to a share.

Note:— The court may commute payments in kind into money payments. But before doing so, a notice in a local newspaper will be published and all interested parties will be heard.

It is understood that the total amount of all Haks and payments to all the Saiyads will not exceed about Rs. 12000/- twelve thousand in a year the kitchen expenses Rs. 6000/- in a year, Sadavrat expenses Rs. 2000/- and the allowance of Kaka Saheb Rs 75/- per mensem (The present Kaka only is entitled to Rs. 105/- per mensem).

If the gross income in any year is less than Rs. 23000/- the four items of expenses detailed abov in that year will be reduced in proportion and what is not paid to the Saiyads or any of them in that year, will be credited to their account, The principal (without interest) should be paid later on, whenever there in an adequate balance to the credit of the institution.

21-9-1939

Sd/- C. C. Shah

First Class Sub-Judge.

This page is blank

23

શ્રી.

અરજ કર્યા તારીખ...૧૩-૨-૩૧
નોંધ્યા તારીખ...૧૩-૨-૩૧
નિર્ણય લીધા તારીખ...૨૧-૯-૩૯
લાગેલો વખત ...વર્ષ માસ દિવસ
૮ ૭ ૮

મે. ફર્સ્ટ કલાસ સબજજની કોર્ટમાં

અમદાવાદ.

વિવાદ અરજ નંબર ૧૬૮/૧૯૩૧

અરજદાર (વાદી)

૧ પટેલ નાથાભાઇ નરોતમ કમી. ની. ૨૯૨ ઉપરના હુકમ પ્રમાણે.
૨ પટેલ જશ્રમ ઝ સવજીભાઇ
૩ પટેલ પુંજાભાઇ કાનજી
૪ પટેલ નાથુભાઇ ધનજીભાઇ
૫ પટેલ લાલભાઇ પહાડજી
૬ પટેલ કવરાભાઇ લલ્લુભાઇ અને ૧૨૪ બીજા.

વકીલો :—એમ. એમ. દેસાઇ

સામાવાળા (પ્રતિવાદીઓ)

૧ કાકા રામજી લક્ષ્મણ
૨ સૈયદ પુંજામીયાં હુસેનમીયાં
૩ પીરસાહેબ મીરસાહેબ
૪ તખ્યદહુસેન જાફરઅલી
૫ અશરફઅલી કાસમઅલી

વકીલ :—૧ એન. વી. દેસાઇ નં. ૧ ના માટે
૨ એમ. એમ. નરસી નં. ૨ માટે

દાવો રૂા. ૨૦૦)

આ અરજ દિવાની કામ ચલાવવાના કોડની કલમ ૯૨/ પ્રમાણે અમદાવાદના કલેકટર સાહેબની પરવાનગીથી દાખલ કરવામાં આવી છે. (નિ. ૧૧૮)

24

૨ અમદાવાદ જીલ્લાના દક્ષીણ દસક્રોઇ તાલુકામાં આવેલી પીર ઇમામશા બાવાની દરગાહ અથવા રોજાને લગતી મિલ્કતો માટે સંબંધ ધરાવે છે પીર ઇમામશા બાવા ૫૫૦, વર્ષ પૂર્વે આ ધર્મના સ્થાપક ગણાય છે, અને તેમના અનુયાયીઓ સતપંથી તરીકે ઓળખાય છે. તેઓની કબર (દર્ગા અગર રોજો) સતપંથીઓથી પુજાય છે અને ઉત્સવ કરાય છે.

ઈમામશાહ બાવાની "કબર" છે. ત્યાં "દર્ગાહ" અને "રોજો" છે... અમુક લોકો ખોટી રીતે તેને સમાધિ કહે છે.

૩ ૭ અરજદારો જેઓએ સતપંથી હોવાનો દાવો કરેલ છે. અરજ પહેલાં કાકા રામજી લક્ષ્મણ વિરૂદ્ધ કરવામાં આવેલી. જે પહેલાં સંપૂર્ણ પ્રતિવાદી હતા, જે રોજાના કાકા તરીકે ઓળખાય છે, અને આ રીતે રોજાની મિલ્કતની વ્યવસ્થા કરે છે. આ મિલ્કત ચેરીટી અને ધર્મના સ્વરૂપની આ મિલ્કત ગણાય છે. પ્રતિવાદી નં. ૨ અને ૩/ થી ૫/ જે આ અરજમાં નિ ૨૫ માં જણાવવામાં આવ્યા છે અને નિ. ૮૧. માં પાછળથી જોડવામાં આવ્યા છે. તે સૈયદો છે કે જેઓએ પણ પીરાણાની આ દરગાહ માટેનો આ દાવો કરેલ છે જેથી તેઓ આ સ્ટ્રેટના માલીક હોવાનો દાવો રાખે છે.

દસોન્દ અને વિસોન્દનો મતલબ

૪ અરજદારો કહે છે કે : પીરે ઇમામશાની દરગાહ અથવા રોજો જે સાર્વજનીક ધાર્મિક સંસ્થા છે. જેમાં બધા સતપંથીઓ રસ ધરાવી શકે છે. અને મિલ્કત જે રોજાને લગતી છે તેની ઉપર બધા સતપંથીઓ (અથવા એમના વારસો) માલકી ધરાવી શકે છે તેથી એ પબ્લીક અને ધાર્મિક સ્વરૂપનું ટ્રસ્ટ બની રહે છે. મિલકતમાં જમીન અને સ્થાવર મિલકત ગીરમથામાં છે. અમદાવાદ શહેરમાં અને સુરત જીલ્લામાં અને વડોદરા પ્રદેશ (મિલ્કતના પરિશિષ્ટમાં બતાવ્યા પ્રમાણે) રોજાની આવક અને આ મિલ્કતોનાં આવક જે દશાંશ તરીકે આવે છે. તે રિતેની છે. એને ૧/૧ ભાગ આવક ગણાય છે. ૧/૨૦ મો ભાગ પણ કહેવામાં આવે છે. અને ભેટ બક્ષીસ તરીકે આપેલ હોય છે જે સતપંથી યાત્રાળુઓ તરફથી આપવામાં આવે છે. જે દરગાહને આપેલી હોય છે. ઉપરાંત કાકા બહાર જાય ત્યારે ઉઘરાણામાં પણ મળે છે. પુંજાને માટે અને રોજામાં જે કોઇ રહેતું હોય વગેરે માટેનો ખર્ચ આવકમાંથી પાડવામાં આવે છે. જેમાં નોકરોને રહેવાનો-ખાવાનો-સમાવેશ થાય છે. સૈયદો વગેરેને સુખડી તરીકે આપવામાં આવે છે. કાકાની મુસાફરીનો ખર્ચ પણ આપવામાં આવે છે. અરજદારો કહે છે કે: દરવર્ષે આટલો ખર્ચ કરવા છતાં ઘણો મોટો વધારો પડી રહે છે.

૧) કાકાની જવાબદારમાં મિલકતોનો વહીવટ અને દેખરેખ કરવાનું આવે છે.
૨) ધર્મ ઉપદેશ કરવું નથી આવતું.

૫ અરજદારો આગળ કહે છે કે: હઝરતપીર ઇમામશા બાવા તેમના જીવન કાળ સુધીમાં તેમની પાછળ કાકા નામના માણસો નીમેલા છે જે મિલકતનો વહીવટ કરે છે અને કાકા તરીકેનો દરજ્જો ભોગવે છે. અને રોજાની મિલ્કત સરકારના દફતરમાં કાકાના નામે રહે છે તેમનું કહેવું એવું છે કે: સતપંથી કાકાની પસંદગી જ્યારે જગ્યા ખાલી પડે ત્યારે જુના કાકાને બદલે કરે છે.

૬ એઓ કહે છે કે: હાલના કાકા પ્રતિવાદી નંબર ૧ કાકા લક્ષ્મણ કરસીના મરણ પછી કાકા રામજી લક્ષ્મણ સંવત ૧૯૮૨, માં સતપંથીઓ તરફથી નીમાયેલા હતા. તેઓ કહે છે તે નબળા મગજના છે અને તેઓ ત્યાં રહેતા સૈયદો વડે હેરાન થાય છે મિલ્કતનો રસ સલામત નથી. સંસ્થાને ન લગતી હોય તેવી બાબતોમાં આવકનો ખર્ચ થાય છે. કારણ કે કાકા

સૈયદોની ખોટી દોરવણી નીચે હોય છે તેથી ગેરકાયદેસર અને બીન જરૂરીઆત સત્તા વગરની સ્થાવર મિલકતનો કોઇપણ રીતે હિસાબ રાખી શકતા નથી જેથી કરીને આ મિલકત માટે સ્કીમ કરવાની જરૂર પડી છે.

૭ માગણી:—

અ. મિલકતની વ્યવસ્થા માટેની યોજના.

બ. સંસ્થાને લગતી તમામ મિલકતોની વ્યવસ્થા કરવા માટે વ્યવસ્થા કમીટીની નિમણુંક કરવાની જરૂર.

ક. હવે પછી મિલકતનો હિસાબ રાખવો.

ડ. સંસ્થાના જુદા જુદા હેતુઓ માટેનો ખર્ચ કરવાનો નક્કી કરવું.

ઇ. બીન સત્તાવાર રીતે મિલકતોને પાછી લેવાની તજવીજ કરવી.

ફ. નામદાર કોર્ટને જે યોગ્ય લાગે તેવી કોઇ દાદ આપવી.

ગ. દાવાનો ખર્ચ આપવો.

૮ પછી સંસ્થાએ ઓર્ડર આઇ. આર. ૮ જી. પી. કોડ પ્રમાણેની જાહેરાત પ્રસિદ્ધ કરી હતી. હાલના અરદાર નંબર ૭ નંબર ૮ થી ૨૯ નંબર ૩૦ થી ૫૩ નંબર ૫૪ થી ૭૩ નંબર ૭૩ થી ૯૨, નંબર ૯૩ થી ૧૯૫, નંબર ૧૨૧ થી ૧૨૨, ૧૨૨ થી ૧૨૬, અને ૧૨૭ થી ૧૩૦ આ બધા હાજર થયા અને એમણે અરજ આપી જે નિ. ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૮, ૮૪, અને ૨૭૬ પ્રમાણે છે કે જે પાછળથી દાખલ કરેલા છે એમને અરજદારો તરીકે દાખલ કરવામાં આવ્યો છે અને પહેલાંના અરજદારોને તેમણે ટેકો આપ્યો છે.

૯ પ્રતિવાદી નંબર ૧ તેણે પોતાનું લેખી જુબાની નિ. ૮૬ આપી છે. તેનો સાર આ પ્રમાણે છે કે:—સંસ્થા પબ્લીક ચેરીટી કેબલ કે ધાર્મિક ટ્રસ્ટ નથી. (સીવીલ પ્રોસીજર કોડની કલમ ૯૨ પ્રમાણે) અરજદારને આવી અરજ કરવાનો કોઇ અધિકાર નથી. મિલકત પુરેપુરી કાકાની સ્વતંત્ર સત્તા નીચે છે. સૈયદોને થોડો ઘણો તેમાં રસ હોય છે. પણ અરજદારો અથવા સતપંથીઓને કોઇપણ જાતનો આમાં રસ હોઇ શકે નહિ કારણ કે:— થએલી આવક એ દેણગી આપનારાઓની હોય છે અને દાન તરીકે આપી દેવામાં આવેલી હોય છે તે કહે છે કે સંસ્થામાં ખર્ચ કરતાં આવક ઓછી છે તેમની પહેલાના કાકાઓએ આટલા માટે દેવુ પણ કરેલ છે જેથી આમાંથી કેટલીક મિલકતો વેચી પણ દેવી પડી છે જેથી થએલું દેવું મુક્ત થઇ શકે તેજ પ્રમાણે કાકાઓ કરતા હતા. તે તેના ઉપર મુકેલા બધા આક્ષેપોને નકારે છે અને વળી કાકાઓ સતપંથીઓથી ચુંટાય છે એનો પણ નકાર કરે છે.

૧૦ તે કહે છે કે: દરેક કાકા તેમની પછીનો વારસ નક્કી કરે છે અને એ પ્રમાણે ચાલ્યા કરે છે તેનું વધારામાં કહેવું એવું છે કે: અરજ યોગ્ય કિમતના સ્ટાંપ ઉપર નથી જેથી આ ન્યાધીશીને આ દાવો સાંભળવા હકક નથી માટે દાવો ખર્ચ સહ કાઢી નાખવો જોઇએ.

૧૧ પ્રતિવાદી નં. ૨ એમણે લેખી જવાબ નિ. ૭૯ માં આપ્યો છે. અરજદારો સતપંથી અને તેમના અનુયાયી હોવાનું ના પાડે છે અને રોજાની મિલકત ટ્રસ્ટ મિલકત છે અને ધાર્મિક ચેરીટી ટેમ્પલ છે તેની પણ ના પાડે છે. કાકા સતપંથીઓથી ચુંટાય છે અને આ અરજદારોને આમાં કાંઇ રસ છે તે પણ ના પાડે છે.

૧૨ તે કહે છે કે ઇમામશા પીર મુસલમાન સંત હતા. કેટલાક અરજદારો હિંદુ છે અને તેમને રોજામાં કાંઇ-રસ હોઇ શકે નહિ. સૈયદો પીર ઇમામશાના વારસદારો છે અને સંસ્થા તેમના ફાયદા માટેની છે. તેઓ ઘણા હક્કો સુખડી અને બીજા માટે હક્કદાર છે. તેઓ રોજાને લગતી મિલકતના માલીક છે. (કાકા શબ્દનો અર્થ ગુલામ થાય છે) કાકા તેમનો માત્ર એજન્ટ છે. અને સૈયદો વડે તે નીમાએલ હોય છે. પંચ અને અરજદારો એટલા માટે કોઇપણ દાદને માટે યોગ્ય નથી તેથી અરજ ખર્ચ સહ કાઢી નાખવી જોઇએ.

૧૩ પ્રતિવાદી નંબર ૩-૪-૫ ત્રણેવે નિ. ૧૦૮ માં લેખી જવાબ આપ્યો છે. તેમનો ભાવાર્થ ઉપર પ્રમાણે છે.

૧૪ એસ. જે. યાજ્ઞિકે કાઢેલા મુદ્દાઓ નિ. ૨૩૫ ના નીચે પ્રમાણે છે.

(૧) એ અરજદારો સાબીત કરી શકે કે હઝરત પીર ઇમામશા બાવાની દરગાહ સાર્વજનિક સતપંથીઓની ધાર્મિક સંસ્થા છે?

(૨) અરજમાં બતાવેલી મિલકત આ સંસ્થાની મિલકતો છે?

(૩) પ્રતિવાદી નંબર ૨ થી ૫ સાબીત કરી શકે કે અરજદારોને આ વાપરવાનો હક્ક નથી?

(૩) આ સંસ્થામાં સૈયદોના હક્કો જો કાંઇ હોય તો તે શું છે?

(૪) કાં તો આ સ્કીમ નક્કી કરવી જોઇએ કે? જો સ્કીમ નક્કી થાય તો પછી યોગ્ય બંધારણ અને વ્યવસ્થા માટે શું કરવું?

(૫) આ સંસ્થાની વ્યવસ્થા અને બંધારણમાં સૈયદોને દખલગીરી કરવાનો કાંઇ અધિકાર છે કે કેમ?

(૬) પ્રતિવાદી નંબર ૧ પાસેથી હાલ સુધીની મુદત સુધીનો હિસાબ લેવો કે કેમ? અને લેવો તો કેવો હુકમ પસાર કરવો?

(૭) કેવું હુકમનામું કરવું?

૧૫ અરજદાર નંબર ૧ થી ૩ અને પ્રતિવાદી નંબર ૧ થી ૨ એમણે નિ. ૫૨૪, માં બતાવ્યા પ્રમાણેની અરજી રજુ કરી અને તેમની માગણી ઉપરથી કોર્ટ પહેલો, બીજો અને ચોથો મુદ્દો ચલાવ્યો.

મારા નિર્ણયો આ મુદ્દાને લગતા નીચે પ્રમાણે છે.

(૧) હા. (સતપંથી સિવાયના કેટલાક માણસો આ સંસ્થામાં રસ ધરાવે છે.

ળ હા.

(૨) ના

(૪) નથી.

(૬) હા.

સ્કીમ નક્કી થયા પછી ચલાવવું.

કારણો

૧૬ પ્રતિવાદી નંબર ૧-૨ નિ. ૫૨૪ કબુલ કરે છે કે રોજા સાર્વજનીક ચેરીટેબલ અને ધાર્મિક સંસ્થા છે અને જે મિલકતો છે તે રોજાને લગતી છે. અને સાર્વજનીક હેતુ અને ધર્મ માટેની છે. પ્રતિવાદી નંબર ૩ થી ૪ એમણે પણ આ પ્રમાણે કબુલ કર્યું છે. નિ. ૫૩૨ પ્રતિવાદી નંબર ૫ મૈયત થયા છે અરજના પરિશિષ્ટમાં બતાવેલી મિલકત રોજાની મિલકતો તરીકે કબુલ કરવામાં આવી છે. (ટ્રસ્ટ) નિ ૫૩૪ થી ૫૫૬ માંથી આ સત્યને કે અરજદારો સતપંથી છે એવું સાબીત થયું. (સાક્ષીઓ કમીશનથી તપાસવામાં આંવ્યા) એના વિરૂદ્ધમાં કોઇ બચાવ નથી.

૧૭ બ્યવસ્થા માટે સ્કીમ નક્કી કરવાનું ઇચ્છવા જોગ છે પ્રતિવાદીઓએ નિ. ૫૨૪ થી ૫૩૨ માં તેમની સંમતિ આપી છે કે સ્કીમ નક્કી કરવી જોઇએ. પ્રતિવાદી નંબર ૨ થી ૫ અને બીજા સૈયદો કે જેઓ પીર ઇમામશાબાવાના વારસદારો તરીકે દાવો કરે છે પણ પક્ષકારો નિ. ૫૨૪, ૫૩૦, ૫૫૨, છે કે આ હક્કો અને હીત સબંધ સ્કીમ નક્કી થાય તે વખતે જોવામાં આવશે.

હુકમ

૧૮ (૧) પીર ઇમામશા બાવાની દરગાહ ધાર્મિક સંસ્થા છે તે જાહેર કરવામાં આવે છે.

(૨) અને પરિશિષ્ટમાં બતાવેલ મિલકત આ સંસ્થાને લગતી મિલકતો છે.

(૩) અને સંસ્થાને લગતી આ મિલકતોને સાર્વજનીક હેતુ માટેનું ટ્રસ્ટ તરીકે ગણવામાં આવે છે પીરાણા ધર્મના અનુયાયીઓને સતપંથીઓને આમાં હીત સંબંધ હોય છે.

હું સુચવું છું કે સૈયદો અને કાકાના હક્કો અને હિત સંબંધ નક્કી કરવા માટે તપાસ હાથ ધરવી જોઇએ.

હું આગળ વધારે સુચવું છું કે વ્યવસ્થાને માટે સ્કીમ નક્કી કરવી જોઇએ તેમાં આ હક્કો અને હિત સબંધ દરેક વ્યક્તિના સમાઇ જવા જોઇએ બાકીના મુદ્દાઓને આ તપાસ થઇને આવ્યા પછી અને સ્કીમ નક્કી થયા પછી હાથ ધરવામાં આવશે. તા. ૨૧-૩-૩૯

૧૮ બાકીના મુદ્દા સ્કીમને બંધારણને લગતા છે તેમાં સંસ્થાની આવકમાંથી સૈયદોના હક્કો બાબત છે તેમના હક્કો સંસ્થાની વ્યવસ્થા અને બંધારણમાં ગણવામાં આવ્યા છે. પ્રતિવાદી નં. ૧ પાસેથી હિસાબ લેવા બાબતના પણ ગણવામાં આવ્યા છે. બાકીના મુદ્દાઓને સાંભળવા માટે આ અરજ નક્કી કરવામાં આવી છે.

૧૯ બાકીના મુદ્દાઓમાં નિર્ણય મારો નીચે પ્રમાણે છે.

૩. પરિશિષ્ટ એ માં બતાવ્યા પ્રમાણે ફરીથી નક્કી કર્યા પ્રમાણે.

૪. હા.

૫. હા.

૬. ના,

૭. બંધારણ માટે સ્કીમ નક્કી કરવામાં આવી છે. તે આ જજમેન્ટની સાથે રાખવામાં આવી છે. સેડ્યુઅલ સામેલ રાખ્યું છે. તેની સાથે "ઇનકોર પોરેટ' કરવામાં આવી છે.

કારણો

૨૦ પ્રતિવાદી નંબર ૧ કાકા અને કેટલાક સૈયદ અને કેટલાક સતપંથીઓએ કોર્ટમાં ની. ૫૭૨ ની અરજી રજુ કરી અને સાથે નિ ૫૭૩ નો સ્કીમનો ડ્રાફ્ટ જે કોર્ટે નક્કી કર્યો હતો. તે રજુ કર્યો. નિ. ૫૭૭, ૫૭૮, ૫૮૬, ૫૯૫, માં બતાવેલા આવા વાંધાના કારણો બતાવવામાં આવેલ તે ફાઇલ કરવામાં આવ્યા છે.

૨૧. બધાં પક્ષકારોની હાજરીમાં કોર્ટમાં આ બાબતને ચર્ચામાં લેવામાં આવી હતી તેનો હેતુ બધાજ પક્ષકારો પાસેથી મુદ્દાની ચકાસણી થાય એ હતો એટલું કર્યા પછી આ બાબતને આમાં કાંઇક વીરોધા ભાસ રહે છે કે કેમ ? તે જાણવા આ બાબતને એવીડન્સ માટે મુકવામાં આવી હતી. નિ. ૬૦૫ ૬૧૧, ૬૧૪, ૬૨૮ આ હકીકતના ટેકા માટેનાં સોગનનામાં છે. આ સોગનનામું કરનારાઓને ઉલટ તપાસમાં લેવામાં આવ્યા હતા. (૬૧૮, ૬૨૦, ૬૨૧, ૬૨૯) ૬૧૦, ૬૧૨, અને ૬૧૫ ના ઉલટ તપાસમાં હાજર થયા નથી એટલે તેમનાં સોગનનામાં પુરાવામાં લીધાં નથી.

૨૨. પ્રથમ બાબત હક્કો માટેની ગાદીવાલા કાકા નીમવા માટેની હતી. ડ્રાફ્ટ સ્કીમ નિ. ૫૭૨ તેની ઉપર સહી પીર પીરસાબ મીરસાબની છે. જો ગાદીવાલાકાકા સાહેબ મૃત્યુ

પામેતો કમીટી પંચની મીટીંગ પીરાણા બોલાવશે અને એ પંચોએ કાકાઓના વારસદાર તરીકે પસંદ કરવાના છે પેટા કાકાની યાદીમાંથી કાકાસાહેબની પસંદગી કરવાની હોય છે. સ્કીમની કોર્ટમાં ચર્ચા બાદ પ્રતિવાદી નંબર ૩ અને બીજા સૈયદો કે જેમને કાકાસાહેબને પસંદગીનો હક્ક છે તેવા પ્રતિવાદી નંબર ૩ એ નિ. ૬૧૪ નું સોગનનામું કોર્ટમાં રજુ કર્યું છે તપાસમાં તેણે કહ્યું છે કે: સતપંથીઓને પીરાણા આમંત્રણ આપવામાં આવે તે એટલા માટે કે કાકાસાહેબનો ઉત્સવ ઉજવાય તેમાં હાજરી આપવાની છે. નિ. ૬૨૮ બીજી બાજુ કહે છે કે: બધાજ સંતપંથીઓ અને સૈયદો ભેગા મળી પેટા કાકાઓની યાદીમાંથી કાકાની પસંદગી કરે. નિ ૧૫૪, ૧૫૫ માંની કેટલીક દલીલોમાં જણાય છે કે: નિ. ૩-૭-૮ અને ૧૦ ના પુરાવો કે જે નિ. ૯૮ માં સામેલ છે કે જેમાં કાકાએ પોતાના ગાદીવાલા કાકાની નિમણુંક બાબતનો ઉલ્લેખ કરેલા છે કે: માત્ર સૈયદો નિમણુંક કરે બીજી બાજુ સાક્ષીઓ નિ. ૩૩૮, ૫૪૬, ૩૪૭, ૫૫૧ ના કમીશનથી તપાસવામાં આવ્યા. તેમાં જણાવે છે કે: સૈયદો અને સતપંથીઓ ભેગા મળી કાકાની પસંદગી (નિમણુંક) કરે કે જે પીરાણામાં મીટીંગ રાખીને કરવામાં આવે.

(૨૩) પ્રતિવાદી નંબર ૩ ને લગતા કાગળો જોતાં અને તેમાં વિશ્વાસ રાખતાં અમને જણાય છે કે સૈયદો સંસ્થાની લગતી મિલકતના માલીક ગણાય છે. એવું અરજમા સૈયદોનું કહેવું છે. પ્રાથમિક હુકમનામું જે કરવામાં આવ્યું છે. તે જણાવે છે કે: સંસ્થાની બધી મિલકત પબ્લીક ધાર્મિક અને દાન ટ્રસ્ટ તરીકેની છે. નિ. ૬૩૨ તે બતાવે છે કે: પ્રતિવાદી નંબર ૧ ને ગાદીવાલા કાકા તરીકે નીમવામાં આ સતપંથીઓએ પણ ભાગ લીધો છે. મને લાગે છે કે પીરાણામાં રહેતા સૈયદોએ જ્યાં મીટીંગ બરાવવામાં આવે છે ત્યાં તેમણે સંસ્થાના પ્રત્યક્ષ હિતમાં રસ ધરાવ્યો છે. તે પહેલાં પણ ઘણીવારની મીટીંગોમાં તેમની મેળે કાકાઓની નિમણુંક કર્યાના નિર્ણયો તેમણે સ્વીકાર્યા છે. એવું જણાઇ આવે છે. ચુંટાએલા કાકાને લાગે છે કે તેની પસંદગી માત્ર સૈયદોથી જ થએલ છે મને માનવાને કારણો મળે છે કે સૈયદો જે મિલકતોના ઉપર દાવો રાખે છે. તેનો આનો પરિસ્થિતિનો બરાબર લાભ ઉઠાવ્યો છે.

(૨૪) હું માનવાને તૈયાર નથી. કે માત્ર સૈયદોનેજ કાકાસાહેબની (ચુંટણી) પસંદ કરવાનો અધિકાર છે. અને સતપંથીઓને નથી. અને જો તેમ હોય તો તે પહેલાંની આ નિમણુંકોમાં સતપંથીઓએ ગાદીવાલા કાકાની નિમણુંક જે સૈયદો તરફથી કરવામાં આવેલ તેને સતપંથીઓએ માન્ય રાખેલ છે અમારે હાલના લોકશાહીના સ્પીરીટને ધ્યાનમાં રાખીને નિર્ણય કરવાનો રહે છે. સતપંથીઓ એવા માણસો છે કે જે આ સંસ્થામાં સારો રસ ધરાવે છે મિલકતોની આવક સિવાયની આવક માત્ર સતપંથીઓ તરફથી જ ઉભી કરેલી હોય છે. સૈયદો ઇમામશા બાવાના વારસદારો છે. અને સતપંથીઓ તેમને પોતાના ગુરૂ માને છે તે માત્ર તેમના ફાયદા માટે જ. જો સતપંથીઓ કે જે આ પ્રમાણેનું આપે અને તેમને હક્કોમાંથી બાકાત રાખવામાં આવે તો આ સત્ય-સંસ્થાની આવક ઉપર અસર કરતા થઇ પડે એટલા માટે આ દિવસોમાં સતપંથીઓને ગાદીવાલા કાકાની નિમણુંકમાંથી બહાર રાખવામાં આવે તે વ્યાજબી નથી.

સતપંથીઓના
અધ્યાત્મિક ગુરૂ સૈય્યદો
હોય છે

ખાસ નોંધ:
ગાદીવાળા કાકા ને
પેટા કાકાઓ માંથી
નીમવામાં આવે છે.

૨૫ હું નિ. ૫૭૩ પ્રમાણે ગાદીવાળા કાકાની પસંદગીની રીત સ્વીકારૂં છું. હું આ શબ્દો ઉમેરૂં છું. "જો ગાદીવાળા કાકા સાહેબ મૃત્યુ પામે અથવા તો ગાદીનો ત્યાગ કરે તો કમીટી સૈયદ હકદાર અને સતપંથીઓની સંયુક્ત મીટીંગ ૧૫/ પંદર દિવસ પહેલાં પીરાણામાં બોલાવશે. છેવટમાં છેવટ આ મીટીંગ બે માસ પહેલાં બોલાવવી જોઇએ અને સંયુક્ત મીટીંગ કાકાસાહેબનો વારસદાર નક્કી કરશે અને તે પેટા-કાકાઓની યાદીમાંથી પસંદ કરવામાં આવશે. નિ. ૫૭૩

૨૬ નિ. ૫૭૩. જે તૈયાર કરવામાં આવ્યું છે તેમાં સૈયદોના હક્કો બતાવવામાં આવ્યા છે અને છેલ્લા ૫૦/ પચાસ વર્ષ દરમ્યાનના હિસાબો વગેરે જોવાઇ કરવામાં આવ્યું છે. તેમાં કેટલાક વધારાના હકકો ઉમેરવામાં આવ્યા છે. નિ. ૬૧૧, ૬૨૦, ૬૨૮, ૬૨૯. આ કાકાઓને પરિશિષ્ટ અ માં બતાવવામા આવ્યા છે.

૨૭ પછીનો પ્રશ્ન હકકો માટેનો છે કે જલાલશાહી સૈયદ અને નુરશાહી સૈયદ. જલાલશાહી તેમજ નુરશાહી સૈયદ બન્નેવ ઇમામશાના વારસદાર છે. પરંતુ જલાલશાહી મોટા છે, નુરશાહી નાના છે. સંસ્થાનો હિસાબ બતાવે છે કે જ્યાં સુધી ઘણી જાતના સૈયદોને હકકો આપવામાં આવે છે તો તેમને ઘણી રીતના તેમના ખર્ચાઓ અને પ્રસંગોનો ઉલ્લેખ જોવામાં આવે છે એવું કહેવામાં આવ્યું છે કે નુરશાહી આ જલાલશાહીને મોટા ગણે છે, એવા ભેદભાવથી અજ્ઞાત હતા. તેમને સુખડી હક્કમાં ફેરફાર છે એવું જાણવામાં આવ્યું એટલે તેમણે વાંધો ઉઠાવ્યો. એટલે સુખડી હક્ક ૨૫/ થી ૩૦ રૂપીઆ કરવામાં આવ્યો. તેઓ આગળ કહે છે કે: ઇમામશા બાવાને બન્ને સરખા છે. તેઓ બધા મુસલમાન છે, અને મુસલમાન કાયદો હકકોમાં કોઇ જાતનો ફેરફાર બતાવતો નથી. જેવી રીતે મોટાભાઇ અને નાના ભાઇને સરખા ગણવામાં આવે છે તેવીજ રીતે હવે કોર્ટ તૈયાર કરે છે તે વખતે કોર્ટ આ ભેદભાવ કાઢી નાખવો જોઇએ. પણ અમને જણાય છે કે આ વિરોધ પછી અને હવે પછી જલાલશાહીને અને નુરશાહીને સરખા ગણવામાં આવ્યા છતાં આ પ્રશ્ન રહેતો નથી. ઘણા વખતથી આ પ્રમાણે ચાલ્યા કરતું હતું. માત્ર કોર્ટ એટલુ જ જણાવે કે: તેમના હાલના હકકો ઉપર જ અસર આપી શકે તે બીજા નવા હકકો ઉપજાવી શકે નહિ કે હાલના પ્રવર્તતા હકકોમાં ફેરફાર કરી શકે નહિ એટલા માટે આ વાંધો વિચારમાં લઇ શકાય એમ નથી.

૨૮ હવે પીરાણા - સૈયદ કાનમ, પેટલાદ અને સુરત. સૈયદ વચ્ચેના હકકો વીશે અને તેમના તફાવત વીશે જોતાં કોર્ટ આ બાબતમાં વધારે દરમ્યાનગીરી કરશે નહિ.

૨૯ હવે ગાદીવાળા કાકાની અંગત એલાઉન્સનો પ્રશ્ન રહે છે. પહેલાં ગાદીવાલા કાકા વહીવટદાર જેવા ગણાતા હતા અને તેમનો ખર્ચ સંસ્થામાંથી પડતો હતો સ્કીમમાં પણ ગાદીવાલા કાકાના ખર્ચ સંસ્થામાંથો પાડવાનુ જણાવાય છે હવે કમીટી નીમવામાં આવે છે. અને ગાદીવાળા કાકા તેમાં પોતાનો ખર્ચ તેમની ઇન્સ્ફેલોજ અને આબરૂ પ્રમાણે નક્કી થાય. છે નિ. ૬૨૮, માં જોતાં એમના માટે કોઇ પાર્ટી વાંધો ઉઠાવતી નથી એટલે કોર્ટે તેમને પ્રતિવાદી નંબર ૧ ને માસિક એલાઉન્સ રૂા. ૨૨૫| કરી આપ્યું છે તે એ જોતાં કે તેમને

અથર્વ વેદ એ હિંદુ અથર્વ વેદ નથી.

કોઇપણ વખતે ૭૫૦) સાડી સાતસોથી વધારે મેળવ્યું નથી. નિ. ૬૨૮ ના સુચનને હું સ્વીકારૂ છું કે: જેમાં કાકાને રૂા. ૧૦૫) એકસો પાંચ રૂપિઆ માસિક અને તે પછીના માટે ૭૫) પંચોતેર રૂપીઆ માસિક એલાઉન્સ ઠરાવ્યું છે.

૩૦ નિ ૫૭૩ માં જણાવાયું છે કે: સતપંથીઓ હિંદુ છે અને પીરાણાનો અથર્વવેદી ધર્મ માને છે. કેટલાક સંયદો જણાવે છે કે: સ્કીમમાં સતપંથીઓની વ્યાખ્યા અપાવવી જોઇએ તે રિતની અરજી નિ. ૫૨૪ માં આપેલી છે.

૩૧ નિ. ૫૭૩ માં પક્ષકારોએ નક્કી કર્યું છે કે: અરજ દાખલ કર્યો તે પહેલાંનો કોઇ હિસાબ કોઇ પાસેથી લેવો જોઇએ નહિ. પ્રતિવાદી નંબર ૧ ઉપર કોઇ અપ્રમાણિકપણું કે ગેર વહીવટ સાબીત થઇ શકયો નથી એટલા માટે પ્રતિવાદી નંબર ૧ પાસેથી કોઇ જાતનો હિસાબ કે ખર્ચ લેવાતું મને લાગતું નથી.

૩૨ કોર્ટે તૈયાર કરેલું બંધારણ જજમેન્ટ સાથે સામેલ રાખ્યું છે. સૈયદોના હકકો પરિશિષ્ટ अ માં જણાવવામાં આવ્યા છે કમીટીની મીટીંગ માટેના નિયમો મે બનાવ્યા છે તે પરિશિષ્ટ क માં છે પહેલી કમીટીના મેમ્બરોને હું સાંભળીશ. પહેલી મીટીંગના મેમ્બરો કોર્ટ તરફથી પસંદ કરવાના છે. તા. ૨૧-૯-૩૯

સહી સી. સી. શાહ
ફસ્ટક્લાસ સેબોડીનેટ જજ
અમદાવાદ.

હુકમ

૩૩ અ. એ. બી. ને ડી. ની દાદ સાંભળવામાં આવી સી. ૨૬ કર્યું. મેનેજમેન્ટ કમીટીને સી. ને બાબતનું માર્ગદર્શન કરવામાં આવ્યું છે. ખર્ચ જેને તેને શીર.

સહી સી. સી. શાહ.
ફસ્ટક્લાસ સબોડીનેટ જજ
૨૬-૯-૩૯

33

ધી ઇમામશા બાવા રોજા સંસ્થા કમીટી.

પીરાણા.

વહીવટની સ્કીમ.

દાવા અરજીમાં દરશાવેલ તમામ મીલક્ત, અને દાવામાંની સંસ્થાની માલીકીની બધી મીલકત અને હવે પછી જે મીલકત રોજાને અથવા સંસ્થાને મળે યા સંસ્થા તથા રોજા મેળવે, તે તમામ મીલકત ટ્રસ્ટની માલીકીની ગણાશે, અને આ મીલકતનો વહીવટ કમીટી કે જે "ધી ઇમામશા બાવા રોજા સંસ્થા કમીટી" તરીકે ઓળખાશે–તે કરશે.

૨ આ કમીટી અગીઆર સભ્યોની નીચે દરશાવેલ મુજબની બનેલી હશે.

(અ) ૧ જે ગાદીવાળા કાકા હોય તે.

૩ ત્રણ સૈયદો કે જેની ચુંટણી (૧) પીરાણા. (૨) કાનમ અને સુરત, અને (૩) પેટલાદ વીભાગના સૈયદો કરશે.

૭ સાત સતપંથી નીચે દરસાવેલ વીભાગ તરફથી એક સતપંથી ચુંટવામાં આવશે.

(૧) માનકુવા પાંચાડા,

આ વીભાગમાં દરશાવેલ ગામો પરીશીષ્ટ (બ) માં બતાવેલ છે.

(૨) વીશાણુ પાંચાડા, ,,

(૩) નેત્રા પાંચાડા ,,

(૪) કપડવંજ અને તેની આસપાસના કસ્બા. ,,

(૫) સુરત અને પાસેના કાંઠાના ગામો. ,,

(૬) ભાવનગર ધોળકા વીગેરે. ,,

(૭) ચરોતરનાં ગામડાંઓ. ,,

(બ) ઉપર દરશાવેલ ત્રણ સૈયદોના મત-વીભાગમાં દરેક ઉમર લાયક પુરૂષ સૈયદ હક્કદારને એક મત આપવાનો અધીકાર છે અને દરેક મત વીભાગમાંથી એક પ્રતીનીધીની ચુંટણી પીરાણામાં ચૈત્ર માસમાં મેળા વખતે થશે.

(ક) આ ચુંટણી કરવા માટે ઉપર જણાવેલ મત-વીભાગોના મતદારો ગાદીવાળા કાકા સાહેબ ચુંટણીનો જે દીવસ નક્કી કરે તે દીવસે પીરાણા મુકામે મળશે. કાકાસાહેબ એક જણને ચુંટણીની મીટીંગના ચેરમેન નીમશે. અને જે સૈયદ ઉમેદવારને પોતાના વીભાગમાંથી વધારે મત મળશે તે સૈયદ ઉમેદવારને તે વીભાગમાંથી ચુંટાયેલા જાહેર કરવામાં આવશે, સરખા મત થાય તો ચેરમેન ચીઠ્ઠી નાંખીને નીર્ણય કરશે.

સતપંથી મેમ્બરોની ચુંટણી

૩ સાત સતપંથી સભ્યે:ની ચુંટણી નીચે પ્રમાણે થશે:-

ઉપર દરશાવેલ સાત મત વીભાગો દરેક વીભાગમાંથી એક સભ્ય ચુંટશે, દરેક પુખ્ત ઉમરના પુરૂષો સતપંથીને એક મત આપવાનો અધીકાર છે. અને ઉપર જણાવેલ મત-વીભાગમાં કે જે મત-વીભાગમાં એ રહેતો હોય તે ગામડું આવેલ હોય તો તે વીભાગમાં પોતાનો મત આપી શકશે

પીરાણા મુકામે,

ચઇતર માસના મેળા વખતે ચુંટણીનો જે દીવસ કાકાસાહેબ નકકી કરે તે દીવસે સતપંથી મતદારોની મીટીંગમાં મતદાન થશે આ મીટીંગના ચેરમેન કાકાસાહેબ નીમશે. જે સતપંથી મતદારો હાજર હશે તેમને દરેકને એક મત આપવાનો અધીકાર છે. અને જે સતપંથી ઉમેદવારને જે મત-વીભાગમાંથી ઉમેદવારી કરી હશે તે વીભાગમાં સઉથી વધારે મલ્યા હશે તેને તે વીભાગમાંથી ચુંટાયેલા જાહેર કરવામાં આવશે. જો કદાચ સરખા મત મળતા હશે તો ચેરમેન ચીઠ્ઠી નાંખીને નીર્ણય કરશે.

નોંધ:— સતપંથીઓની સંમતીથી કમીટીને આ કોરટથી એક સુધારો કરાવવાની છુટ છે.

કોઇપણ પુખ્ત ઉમરના સતપંથીને કે જેણે મતદારના લીસ્ટમાં ચુંટણીના અગાઉ ત્રણ વરસ સુધી લાગલાગટ દર વરસે રૂા. ૨-૮-૦ આપ્યા ન હોય તેને મત આપવાનો અધીકાર રહેશે નહી : આ પૈસા આપવાને અને અનુયાયીઓ જે દશાંશ અથવા બીજે જે ફાળો આપે તેની સાથે સંબંધ નહી હોય: કોઇ સતપંથી. સતપંથી ધર્મ પાળતો બંધ થશે તો તે સખ્ત તે દીવસથી સતપંથીના જે હક્કો હીતને અને સત્તા જે સતપંથીને સ્કીમથી અથવા રીવાજથી મળે છે તે બધા તેને મળતાં બંધ થશે અને નષ્ટ થશે સતપંથીઓ કહે છે કે તેઓ હીન્દુ છે અને પીરાણા અથર્વ વૈદીક ધર્મના અનુયાયી છે, જ્યારે જ્યારે પ્રશ્ન ઉભો થાય કે અમુક સતપંથી સતપંથી ધર્મ પાળતો બંધ થયો છે કે કેમ તો તેનો નીર્ણય કમીટી કરશે, કોઇપણ વ્યક્તી કમીટીના નીર્ણયથી નારાજ થાયતો તેને કાયદેસર પગલાં લેવા વાંધો નહીં આવે.

અથર્વ વેદ એ
હિંદુ અથર્વ વેદ

૪ કાકાસાહેબ સીવાય દરેક સભ્યની મુદત ત્રણ વરસની હશે જ્યારે ગાદીવાલા કાકાની મુદત જ્યાં સુધી તે ગાદી પર રહે ત્યાં સુધીની હશે .

૫ પ્રથમ ચુંટણી સંવત ૧૯૯૧ ના ચઇતર માસમાં મેળા વખતે પીરાણે થશે અને ત્યાર પછીની ચુંટણી પ્રથમ ચુંટણી પછી દરેક ત્રણ વરસે ચઇતર માસમાં મેળા વખતે થશે.

જ્યાં સુધી પ્રથમ ચુંટણી થાય નહી ત્યાં સુધી કોરટથી નીમાયેલ “ પ્રથમ કમીટી ” સ્કીમમાં લખેલ મુજબ વહીવટ કરશે.

35

૬ જો ગાદીવાલા કાકા ગુજરી જાય અગર જો ગાદી ખાલી પડે તો કમીટી સૈયદ હક્કદારની અને સતપંથીઓની ભેગી બેઠક પીરાણા મુકામે બોલાવવામાં આવશે, અને આ બેઠકની ખબર ઓછામાં ઓછા પંદર દીવસની જુદી જુદી જગ્યાએ આપવી પડશે, જ્યારે જગ્યા ખાલી પડયાના દીવસથી બે માસની અંદર બેઠક બોલાવવી પડશે, અને આ સંયુક્ત બેઠક કાકા સાહેબના ઉત્તરાધીકારીની નીમણુંક કરશે, અને આ ઉત્તરાધીકારી યાને વારસની ચુંટણી પેટા કાકાઓમાંથી કરવામાં આવશે, તેની પસંદગી કરવામાં આવ્યા બાદ ચાલતા આવ્યા રીવાજ મુજબની વિધિઓ સૈયદોને હાથે કરવામાં આવશે

કાકાની પસંદી સૈય્યદોની સાથે રહીને પેટા કાકાઓમાંથી જ થઇ શકે.

*** કાકા નક્કી થયા બાદ, તેમની ધાર્મિક વિધિ સૈય્યદો કરે છે.

મુસલમાની સૈય્યદોના હાથે થતી ધાર્મિક વિધિ શું કોઈ શકે? ***

૭ કમીટીના ચુંટાયેલા કોઇ સભ્યને વ્યાજબી કારણ બતાવવાથી કોરટથી દૂર થઇ શકશે.

૮ કમીટીએ પોતાનું કામકાજ યાને ફરજો શરૂ કર્યા પછી કોઇ સભ્યના મરણથી અથવા બીજા કોઇ કારણસર (કાકાસાહેબની સીવાય) જગ્યા ખાલી પડે તો કમીટીના બાકીના સભ્યો તે ખાલી પડેલ જગ્યાએ જે વીભાગના પ્રતીનીધીની જગ્યા ખાલી પડી હોય તો તે ખાલી પડેલ જગ્યાએ તેજ વીભાગના કોઇ શખ્સને સભ્ય તરીકે નીમશે અને તે સભ્યની મુદત ત્યાર પછીના ચઇતર માસમાં પેટા ચુંટણી થાય ત્યાંસુધી રહેશે.

૯ (અ) કમીટીની સત્તા નીચે મુજબ છે:—

૧ રોજાની તમામ મીલકતનો કબજો લેવા.

૨ સંસ્થાની જે મીલકત બીજાના કબજામાં બીન હકકે ગયેલ હોય તે પાછી મેળવવા કોરટથી પ્રથમ પરવાનગી લઇ યોગ્ય પગલાં લેવાં.

૩ સંસ્થાની મીલકતમાં સુધારો વધારો કરવા માટે અને તે મીલકતને સુરક્ષીત સ્થિતિમાં રાખવા અને મરામત કરવા માટે યોગ્ય વ્યવસ્થા કરવા.

૪ ટ્રસ્ટને તેમજ ધર્મના આદેશોને તેમજ ચાલતા આવેલા રીવાજોને સુસંગત હોય તેવા નીયમો કરવા જેવા કે:—

એ) સંસ્થાનું યોગ્ય વહીવટ ચાલે અને જરૂર પડેતો અંદર અંદર કામની વહેંચણી કરવાં.

(બી) કારભારી, મુંજાવર અને સંસ્થાના બીજા નોકરોની ફરજો યોગ્ય રીતે બજાવાય તે માટે.

નોંધ:—રોજાના મુંજાવર, અને ઢોલીયાના મુંજાવર હમેશાં કાકા હોવા જોઇએ.

દરગાહ / રોજા ના મુજાવર અને ઢોલિયાના મુજાવર કાકા હોય છે.

એટલે કે હાલે ગાદીપતિ નાનકદાસ કાકા એ રોઝાના મુજાવર છે.

(સી) રોજામાં યોગ્ય દીવાબત્તી થાય, તેમજ રાત, દીવસ ઘીની જ્યોત, બળે તે માટે, રોજાના ઉત્સવોની (સંદલ વી) ક્રીયા બરાબર કરવા માટે, સદાવ્રત આપવા માટે પરાણે જે સતપંથીઓ, તથા મહેમાનો આવે તેમને માટે રસોડાનો ઓટલે ખાવા

36

પીવાનો બંદોબસ્ત સારૂ, તેમજ જે પ્રથા ચાલુ છે તેને નીભાવ માટે સઘળું કરવા બાબત.

(ડી) કાકાસાહેબ અથવા કમીટીના હાથ નીચે કામ કરવા જરૂરી નોકરો રાખવા સારૂ.

(ઇ) કમીટીએ નીમેલા કોઇપણ નોકરનો દંડ કરવાની, અગર કામચલાઉ દુર કરવાની અથવા બરતરફ કરવાની સત્તા કમીટીને હશે. ખાસ સંયોગોમાં કાકાસાહેબ સંસ્થાના નોકરોનો દંડ અથવા કામચલાઉ દુર કરવામાં આ સત્તા વાપરી શકશે, અને જેમ બને તેમ જલદી, કાકાસાહેબે પોતે લીધેલ પગલાં બાબત કમીટીને રીપોર્ટ કરશે.

(એફ) કોઇપણ નીયમોને સુધારવા, ફેરફાર કરવા, ઉમેરવા અથવા પાછા ખેંચવા માટે.

(જી) સંસ્થાનું હીત સચવાય તે માટે જે જે યોગ્ય પગલાં લેવાની જરૂર પડે તે લેવા સારૂ.

(વી) જ્યાં સુધી ઉપર મુજબના નીયમો કરવામાં ન આવે ત્યાં સુધી હાલ ચાલતી પ્રથા ચાલુ રહેશે.

૧૦ (એ) કોરટની પરવાનગી વગર કમીટી કોઇપણ મીલકત વેચાણ, ગીરો, ફેરબદલ અગર ભાડે પટે પાંચ વરસથી વધુ સમય માટે આપી શકશે નહી, આવા દસ્તાવેજ કાકાસાહેબ અને કમીટીના બે સભ્યો કરી શકશે.

હક્કો માત્ર સૈય્યદોને જ છે. સતપંથીઓને નથી.

૧૧ કમીટીને આથી સુચના કરવામાં આવે છે કે એપેન્ડીક્ષ, (અ) માં લખેલ શરતો અને અપવાદો ધ્યાનમાં રાખીને સૈયદોના હક્ક આપવા.

૧૨ ગાદીવાળા કાકાસાહેબ ભલામણ કરે તે મુજબ કમીટીએ પેટા કાકા અથવા મગવા કાકાના લુગડાં ખોરાકી તથા બીજી જરૂરીયાત માટે બંદોબસ્ત કરવો, અને આ ખર્ચ સંસ્થાએ ભોગવવો, બનતાં સુધી આ કાકાઓને કમીટીએ સંસ્થાના કામકાજ કરવા માટે રોકવા અને દરેકને યોગ્ય મહેનતાણું આપવું.

૧૩ હાલના કાકાસાહેબ જ્યાંસુધી ગાદીપર બીરાજે ત્યાં સુધી દરેક મહીને રૂા. ૧૦૫-૦-૦ તેમને અંગત ખરચના આપવા, અને તેમના પછી જે ગાદીપર આવે તેમને અંગત ખર્ચના રૂા. ૭૫-૦-૦ આપવા. આ ખર્ચ દરેક મહીને આપવામાં આવશે. અને આ રકમ પોતે કેવી રીતે ખરચે છે અથવા વાપરે છે તે બાબત કોઇ તપાસ કરી શકશે નહી, અથવા પુછી શકશે નહી. આ અંગત ખરચ ઉપરાંત હાલની માફક કાકાસાહેબનો ઘર ખરચનો, રહેઠાણનો, લુગડાંનો, નોકરોનો, ઘોડાગાડીનો, દવાનો તથા મુસાફરીનો ખરચ સંસ્થાએ ભોગવવો, સંસ્થાએ કાકા-સાહેબના અંગત ત્રણ નોકરોનો પગાર, તેમજ તેમની ખોરાકીનો અને કપડાંનો, ખરચ ભોગવવો તેમજ ગાદીના રીવાજ પ્રમાણે મુસાફરીએ જાય અથવા બીજા એવા પ્રસંગનો ખર્ચ સંસ્થાએ ભોગવવો. ટુંકમાં કાકાસાહેબનો મોટો હોદ્દો જળવાઇ રહે તે માટેનો તમામ ખરચ કરવો.

૧૪ આવક જાવકનો તમામ હિસાબ કમીટીએ રાખવો.

(અ) રોજમેળ, માસીક મેળ, અનુક્રમણીકાવાળી ખાતાવહી રાખવી. દરેક વરસે હીસાબ તૈયાર કરવો, અને સરવૈયું તૈયાર કરવું. કારતક સુદ એકમથી આસો વદી અમાસ સુધીનું વરસ ગણવું.

(બ) દરેક સ્થાવર મીલકતનું એક રજીસ્ટર રાખવું. અને દરેક સ્થાવર મીલકતથી થયેલ ઉપજ દર્શાવતું પત્રક રાખવું.

(ક) સંસ્થાના જનાવરોનું લીસ્ટ રાખવું. તેમજ સંસ્થાની માલીકીની કીમતી વસ્તુઓનું તેમજ બીજી વસ્તુઓનું લીસ્ટ રાખવું. કમીટીની પ્રથમથી મંજુરી મેળવીને સતપંથી અથવા સૈયદ ચોપડા જોઇ શકશે.

૧૫ દર વરસે કોરટ તરફથી ઓડીટ કરાવવા માટે કમીટી ચોપડા રજુ કરશે, કોરટ ઓડીટરનું જે મહેનતાણું નક્કી કરે તે મહેનતાણું કમીટીએ આપવું. હીસાબ ઓડીટ થયા પછી, કોરટે કમીટીને જરૂરી સુચના કરશે. ઓડીટ થયેલ હીસાબમાંથી ઉતારા રોજાના મુખ્ય ભાગ પર ચૈતર માસમાં મેળા વખતે મુકવામાં આવશે. પ્રથમ કમીટી વરસની અધવચમાં નીમાય છે એટલે પ્રથમ હીસાબનું ઓડીટ સંવત ૧૯૯૬ પુરૂં થયે કરવામાં આવશે.

૧૬ કમીટી છાપેલી દુપ્લીકેટ પહોંચબુક રાખશે અને જે રકમ દશાંસ તરીકે તથા ગોલખની રકમ તથા જે બીજી રકમ રોજા પર અથવા બીજી જગ્યાએ આપવામાં આવે તેની રીતસરની પહોંચ આપશે, આ પહોંચમાં કાકાસાહેબ અથવા એમના થકી નીમાયેલ માણસ સહી કરશે, પહોંચમાં જે પૈસા અથવા જે વસ્તુઓ આપેલી હશે તે અને તે આપ્યાની તારીખ બતાવવી પડશે, પહોંચનો એક ભાગ પૈસા તથા વસ્તુ આપનારને આપવામાં આવશે. અને તે પહોંચની કાઉન્ટર ફોઇલ યાને અડધીયું રસીદની ચોપડીમાં રાખવું. જે જે રકમો રસીદમાં લખેલી છે તે રકમો ચોપડામાં જમે થયેલ છે, કે કેમ તેની બરાબર તપાસ પીરાણે કારભારીએ કરવી.

૧૭ સાધારણ રીતે રૂા. ૫૦૦-૦-૦ કરતાં વધુ સીલીક કમીટીએ હાથ પર રાખવી નહી રૂા. ૫૦૦-૦-૦ ઉપરાંતની રકમ કોઇ માન્ય બેન્કમાં ચાલુ ખાતામાં અથવા કમીટીને યોગ્ય લાગે તેવી રીતે રાખવી. કમીટીએ નીમેલા બે સભ્યો જેમ જરૂર પડે તેમ આવા ખાતાની લેવડ દેવડ કરે

૧૮ સૈયદ પંચ, અને કાકાસાહેબને ભગવા અથવા. પેટા કાકા પસંદ કરવાનો હક્ક છે. અને આ પ્રમાણે પસંદગી થયા પછી, પેટા કાકાએ રૂા. ૫ થી રૂા. ૫૦-૦-૦ સુધી સૈયદને આપવા કે જે સૈયદ તેને યોગ્ય વીધી કરી સંસ્થામાં દાખલ કરશે, સંસ્થાના બધા કાકાઓએ બ્રહ્મચારી રહેવું પડશે, કોઇપણ પરણેત શખ્સ કે જેની સ્ત્રી હયાત હશે તેની કાકા તરીકે પસંદગી થશે નહી.

**** બહું અગત્યનો મુદ્દો ****
૧) પેટા કાકાની નિમણુંક સંપૂર્ણ રીતે સૈય્યદોના હાથમાં છે. સૈય્યદ પંચમાં ત્રણ જાણ છે અને સામે ગાદીવાળા કાકા એકલા છે. એટલે સૈય્યદો પસંદ કરે એવા લોકોજ પેટા કાકા બની શકે
૨) યાદ રાખજો, ગાદી વાળા કાકાને પેટા કાકાઓમાં થીજ નીમવામાં આવે છે.

૧૯ કમીટીએ પોતાની મુડી ઇન્ડીઅન ટ્રસ્ટ એકટની કલમ ૨૦ માં દર્શાવેલ જામીનગીરીમાં રોકવી અથવા વ્યાજમાં અને લાભકારક ઉત્પન્ન આપી શકે તેવી સ્થાવર મીલકત ખરીદવામાં રોકવી. જો આવા રોકાણની રકમ રૂા. ૩૦૦૦-૦ ૦ ઉપરાંતની હોય તો કોરટની પરવાનગી વગર રોકવી નહી. જામીનગીરી અથવા જરૂરી દસ્તાવેજો ઇમ્પીરીયલ બેન્કમાં રાખવાં

૨૦ હાલનું તમામ દેવું પતી જાય ત્યારબાદ કમીટીએ ચોકખી આવકનો ચોથો ભાગ અનામત ફંડ તરીકે જુદો રાખવો અને દર વરસે તેમાં ઉમેરો કરવો કે જેથી કોઇ વરસે આવક ઓછી આવે અથવા અગત્યના કામ અથવા અણધારયા કામમાં તે અનામત ફંડમાંથી વાપરી શકાય.

કમીટી અનામત ભંડોળનો અથવા વધારેની ઉપજનો સૈયદ તથા સતપંથીના લાભ માટે, કેળવણી અથવા લોકોપયોગીના કામમાં ખરચ કરી શકશે.

૨૧. કોરટે પોતાની મુનસફીથી અગર તો કોરટને અરજી કરેથી અને લાગતા વળગતા હીત ધરાવનારને કમિટિએ કહેલ કોઇપણ નિયમ અથવા હુકમ રદ કરી શકશે.

૨૨ જરૂર પડેથી આ સ્કીમના ધોરણો, કોરટથી સુધારી વધારી અને ફેરવી શકાશે.

૨૩ સ્કીમના પેરા, ૩ ની નોંધના આધારે સતપંથીઓના મતદારો પ્રમાણે સાત સતપંથીઓના મત વીભાગમાં તેમજ તેની લગતી બેઠકોમાં જરૂર જણાયે ફેરફાર થઇ શકશે.

તારીખ.

સહી સી. સી. શાહ.
ફર્સ્ટ કલાસ સબ જડજ,
૨૧-૫-૧૯૩૯

39

શ્રી.

દી. મુ નંબર ૧૬૮/૩૧

જજમેન્ટ અંક ૫૬૩ નો એપેન્ડીક્ષ અ.

મુસલમાન સૈય્યદો ઈમામશાહ બાવાના વંશજો છે.

ક સયદો હઝરત પીર ઇમામશા બાવા સુત નુરઅલી મહમદશા બાવાના વંશ છે. તેઓ ત્રણ વિભાગમાં વહેંચાએલા છે.

અ. પીરાણા સૈયદો

બ. પેટલાદ સૈયદો

ક. કાનમ અને સુરત સૈયદો પરણેલા સૈયદો તે હકકદાર સૈયદો છે. " પરણેલા સૈયદ " માં વીધુર સૈયદ આવી જાય છે તેઓ નીચે દર્શાવેલા હક્કો અથવા પૈસા મળવા હક્કદાર છે.

સૈય્યદોને આપતી રકમ

(૧) સુખડી દરવર્ષે દરેક હકકદારને રૂપીઆ ૩૦) અંકે ત્રીસ

(૨) સુખડી વિદાયગીરી યોગ્ય લાગે તેમ રૂા. ૫) પાંચથી રૂા. ૨૦) વીસ સુધી. આ સુખડી વીદાયગીરીની રકમ ત્રણ વર્ષે એક વખત આપવાની.

નોંધ :–આ બંન્ને રકમ સૈયદ હકકદારોને જ આપવાની સૈયદ હક્કદારનું મરણ થાય તો એની વિધવાને જીવે ત્યાંસુધી આ રકમ આપવાની.

તે વખત ચલણ પ્રમાણે રૂ. ૪, આના ૪ અને પૈસા ૦

(૩) ફાતીયા હક્ક :—વરસમાં એક વખત મરણ પામેલા ઘરડાઓના જલાલશાહી સૈયદને રૂા. ૪–૪–૦ ચાર રૂપિઆ ચાર આના દર વરસે અને નુરશાહી સૈયદને વાર્ષિક રૂપીઆ ૩–૧૨–૦ ત્રણ રૂપીઆ બાર આના આ ઘરડાનો હકક. પુરૂષ હક્કદાર તેની સ્ત્રી અથવા વિધવાના મરણ પછીજ આપવાનો. વાસ્તવિક રીતે ફાતીયાની રકમ જ્યારથી સુખડીના હકક બંધ થાય ત્યારથી આપવાની આ રકમ હકકદારોના વારસોને વંશ પરંપરા આપવાની.

(૪) બીસ્મીલ્લાહ હકક :—સૈયદનો છોકરો અથવા છોકરીને જલાલશાહી સૈયદને રૂપીઆ ૧૦/ દસ અને નુરશાહી સૈયદને રૂા. ૫) પાંચ આ બીસ્મીલ્લાહ હકક છોકરૂં ચાર વરસ ચાર મહીના અને ચાર દિવસનું થાય ત્યારે અથવા ત્યારબાદ આપવાનો.

(૫) બીસ્મીલ્લાહ થયા પછી દરગાહના દર્શન કરવા આવે ત્યારે તે છોકરાને રૂા ૧) અને નાળીએર નંગ ૧ આપવાનું.

(૬) સગીર છોકરાના અથવા દીકરીના લગ્ન વખતે જલાલશાહી સૈયદને રૂા. ૨૦) વીસ અને નુરશાહી સૈયદને રૂા. ૧૦) દસ આપવાના.

(૭) પરણેલ સૈયદ હકકદારના મરણ વખતે " મોટી મૈયત " જલાલશાહી હકકદારને રૂા. ૨૦) વીસ અને નુરશાહી હક્કદારને રૂા. ૧૦) દસ આપવાના.

(૮) નાની મૈયત :—વગર પરણેલા સૈયદને જલાલશાહી સૈયદને રૂા. ૧૦) દસ અને નુરશાહી સૈયદને રૂા. ૫) પાંચ.

(૯) ઓયના ચુડીઓ :—પેરા ૪ માં જણાવેલ ત્રણ વરસે એક વખત અપાતી સુખડી વીદાયગીરી વહેંચાતી વખતે સૈયદ હક્કદારની સ્ત્રીઓને.

પીરાણાના સૈયદોને અપાતી ખાસ રકમો.

જે કાનમ અને પેટલાદના સયદો પીરાણા મુકામે હાજર હોય તો તેમને આ રકમો મળે અથવા વહેંચી લે.

(૧૦) દરેક પુરૂષ હક્કદારને ભાદરવા સુદ ૮ આઠમ દરો આઠમે ચાર આના, આપવાના એમના દરેક છોકરાને બે આના.

(૧૧) રમઝાન ઈદ અને બકરાઈદના દિવસે દરેક હક્કદાર સૈયદને ચાર શેર ચોખા અને ચાર આના અને એમના છોકરાંને બે આના.

(૧૨) રજાની વીદાયગીરી જ્યારે સુખડીનો હિસાબ નક્કી થાય. ત્યારે દર ત્રણ વરસે દરેક હક્કદાર સૈયદને રૂપીઓ એક.

(૧૩) છલ્લા સુવાવડ પછી ચાલીસમા દિવસે દરગાહમાં આવવું આ વખતે રૂપીઓ એક તથા એક નાળીએર.

કાનમ પેટલાદ અને સુરતના સૈયદોને બે છોકરાનો જન્મ પીરાણામાં થયો હોય અને ચાલીસ દિવસ પછી દરગાહમાં જાયતો,

(૧૪) પરણનાર સૈયદ વરઘોડા વખતે દરગાહમાં પગે લાગવા જાય ત્યારે એક રૂપીઓ અને નાળીએર આપવાનું અને દરગાહમાં લગ્ન પછી પગે લાગવા આવે તો કન્યાને એક રૂપીયો તથા નાળીએર આપવાનું.

કબર ઉપર ચંદન લગાડવાની વિધિ સૈય્યદો કરે છે.

યાદ રાખજો: ત્યાર બાદ કબરને ધોઈને તેનાં મેલમાંથી "પવાળ"ની ગોળી બને છે.

(૧૫) ઓરસ વખતે :—

એ. દરેક પીરાણાના સૈયદને રાંધેલી ખીચડી ત્રણ શેર ઘી અને રૂપીઆ ત્રણ અને પીરાણામાં હાજર રહેનાર કાનમ, સુરત અને પેટલાદના સૈયદને રૂપીઆ ત્રણ.

બી. ચંદન લગાડવાની વિધિ સૈયદો કરે છે. ઓરસના દિવસોમાં સામાન્ય રસોડે તેમને જમાડવા.

(૧૬) દરેક સૈયદ હક્કદારને માગસર સુદ બીજ અને જેઠ સુદ ૨ બીજના બે હપ્તા.

માગસર સુદ ૨/ બીજ	જેઠ સુદી ૨/ બીજ
૨/ બે મણ ડાંગર	૨/ બે મણ ડાંગર
૨૦/ વીસ શેર બાજરી	૨૦/ વીસ શેર બાજરી
૨૦/ વીસ શેર મગ	૨૦/ વીસ શેર મગ
૩/ ત્રણ શેર ઘી	૬/ ૭ શેર ઘી
૧½ શેર દીવેલ	૧½ શેર દીવેલ
૪/ ચાર શેર મીઠું	૪/ ચાર શેર મીઠું
ચાંદરાતના રૂા. ૨-૮ ૦ અઢી	ચાંદરાતના રૂા. ૨-૮-૦ અઢી

(૧૭) **સુબ્રાત અને મોહોરમઃ**— આ બન્ને પ્રસંગે ચાર શેર ચોખા અને સુબ્રાત વખતે અડધી કોપરાની કાચલી દરેક સૈયદ હક્કદારને.

(૧૮) સંદલના દિવસે દર વરસે કીનાખાબના ત્રણ ગલેફ બદલવામાં આવે છે આ ગલેફો કાકાસાહેબને લગ્નની ખબર આપી હોય અને તેની નોંધ ચોપડામાં થએલ હોય. તેના ક્રમવાર નંબર પ્રમાણે ત્રણ પરણેલ સૈયદોને આપવા. સુરતની ચાદરો જો આવી હોય તો આપવી ન આવી હોય તો આપવાની નહી.

ફક્ત સૈય્યદોને ફાતિયા પડવાનો અબાધિત હક્ક છે

ફાતીયા પડતી'વખતે

દરગાહ પાસે મુકેલા પૈસા યા વસ્તુ ફાતીહા પડનાર સૈયદને લેવાના.
પીર ઇનામશાના દરગાહ એ સૈયદો એકલાનેજ ફાતીયા પડવાનો અધીકાર છે.

(૧૯) દરેક મહીનાની સુદ આઠમે જે પ્રસાદ વહેંચાય તે લેવાનો સૈયદોનો એકલાનોજ હક્ક છે અને તેવીજ રીતે સંદલના દિવસો પછી જે પ્રસાદ વહેંચાય તે લેવાનો એમનો હક્ક છે.

(૨૦) સૈયદ હક્કદાર મુસાફરીએ જાય તોઃ—

કચ્છ ....રૂ. ૫) પાંચ

કાઠિયાવાડ............................રૂ. ૩) ત્રણ

ધોળકા............................રૂ. ૨) બે

મુંબાંઇ, સુરત, અને બહેરામપુર.....રૂ. ૪) ચાર

(૨૧) **મોસમની કેરીઓ** જો કેરીઓનો પાક હોય અને અનુકુળતા હોય તો દરેક સૈયદ હકકદારને એક મણ કેરી આપવાનો રિવાજ ચાલુ રાખવો.

(૨૨) સંસ્થા તરફથી પાણી આપવાની ગોઠવણ હોય તો સૈયદોને પણ પાણી મફત આપવું.

(૨૩) **ભાઠીની ખીચડી એક વખત રાંધેલીઃ**— પીરાણાના સૈયદના મરણ વખતે દરગાહમાં દાટવા વખતે જે આવે તેને ખીચડી, ઘી સાથે આપવી.

(૨૪) દર એકાંત્રે દિવસે દરેક સૈયદને રાંધેલી ખીચડી અને ઘી રસોડામાંથી આપવી.

(૨૫) કાકાસાહેબ જ્યારે પીરાણાથી હોદ્દાની રૂએ ફરવા જાય ત્યારે નીચેની રકમ ભેટ તરીકે આપવી.

રૂપીઆં ૫૦/ પચાસ કચ્છ જાય ત્યારે.

રૂપીઆ ૨૦/ વીસ સુરત જાય ત્યારે.

રૂપીઆ ૧૦/ દસ ભાવનગર જાય ત્યારે.

રૂપીઆ ૧૦/ દસ કાનમ, ચરોતર અને વડોદરા જાય ત્યારે

જ્યારે કાકાના શરીરને પીરાણા રોજામાં દાટવામાં આવે છે, ત્યારે સૈય્યદોને ભોંય (જમીન) ભાડું આપવામાં આવે છે.
આનાથી એમ સમજાય આવે

(૨૬) પીરાણા સૈયદને જ્યારે ગાદીવાલા કાકાસાહેબ અથવા કારભારી કાકા રોજાંમાં દાટવામાં આવે છે ત્યારે ભોંય ભાડુ જમીનનું ભાડું આપવામાં આવે છે જે જગ્યાએ દાટવામાં આવે તે ધ્યાનમાં લેઇ આ રકમ આપવામાં આવે છે. આમાં જુની પ્રથા ચાલુ રાખવામાં આવે છે.

માણસને જોખીને કે પ્રદક્ષિણા કરીને ચડવામાં આવેલી પ્રસાદી, પર ફક્ત સૈય્યદોનો

(૨૭) જો કોઇ પણ માણસને જોખવામાં આવે; ગોળથી અથવા મીઠાથી અને દરગાની પ્રદક્ષિણા જે વસ્તુથી કરવામાં આવે તો તે વસ્તુ લેવાનો હક્ક સૈયદોનો છે. સંસ્થાને લેવાનો હક્ક નથી

(૨૮) મોહરમ-તાજીયા સૈયદના ઘેરને અથવા મોહરમની પારટીને ઘી સાથે ખીચડી, ૭ દિવસ માટે. ચોથા મોહરમથી નવમા મોહરમ સુધી આપવી અને રોકડા રૂપીઆ ૩૫/ પાંત્રીસ.

સૈય્યદોને સ્થાના રસોડે જમવાનો હક્ક છે.

(૨૯) પેટલાદ કાનમ અથવા સુરતના સૈયદ પીરાણા મુકામે આવે જ્યારે હાજર હોય ત્યારે સંસ્થાના સામાન્ય રસોડે જમવાનો એમને હક્ક છે. જો તે સીધું માગેતો રસોડાસાં તે દિવસે એવી રસોઇ થવાની હોય તે વસ્તુઓ એમને આપવી. જ્યારે પીરાણાથી વિદાય થાય ત્યારે એક રૂપીઓ અને નાળીએર આપવું.

જ્યારે કાકા પ્રવાસે જાય, ત્યારે ત્યાંના સ્થાનિક સૈય્યદોને પૈસા આપવા પડે

(૩૦) કાકાસાહેબ જ્યારે કાનમ, સુરત યા પેટલાદમાં મુસાફરીએ જાય ત્યારે જે જગ્યાએ જાય ત્યાંના સૈયદોને રૂા. ૨૦) વીસ આપવા. બીજી જગ્યાના સૈયદો ત્યાં હોયતો તેઓને આ રકમમાંથી એમનો હિસ્સો લેવા હકકદાર છે.

નોંધ :—અનાજને બદલે રોકડ રકમ આપવાનું કોરટ ફેરવી શકે છે આ બાબતની સ્થાનિક પેપરમાં જાહેર ખબર આપવામાં આવશે. અને દરેક હીત ધરાવનારને સાંભળવામાં આવશે. એમ માનવામાં આવે છે કે બધા સૈયદને બધા હકક તથા આપવાની રકમનો કુલ આંકડો વાર્ષિક રૂા. ૧૨૦૦૦) બારહજાર થી વધશે નહીં રસોડાનું ખર્ચ રૂા ૬૦૦૦) છ હજારથી સદાવ્રત ખર્ચ રૂા. ૨૦૦૦) બેહજારથી અને કાકાસાહેબને માસિક રૂા. ૭૫) પંચોતેરથી હાલના કાકાસાહેબને માસિક રૂા. ૧૦૫) એકસો પાંચથી વધશે નહિ.

જો કોઇ પણ વરસમાં વાર્ષિક કુલ આવક રૂા. ૨૩૦૦૦) ત્રેવીસ હજારથી ઓછી થાય તો ઉપર દર્શાવેલ ખરચની ચાર રકમોમાંથી ફાળે પડતી રકમનો ઘટાડો કરવો અને સૈયદોને અથવા એમનામાંથી કોઇને જે વરસમાં રકમ ન આપવામાં આવી હોય તો તે રકમ એમને ખાતે જમે કરવી અને ભવિષ્યમાં જ્યારે સંસ્થા પાસે પુરતી રકમ આવે ત્યારે વ્યાજ વગર મુદ્દલ રકમ આપવી. તા. ૨૧-૯-૩૯.

સહી સી. સી. શાહ
ફર્સ્ટ કલાસ સીવીલ જજ
અમદાવાદ.

ટીપ :—અસલ બંધારણ અંગ્રેજીમાં હોઈ જાણ સારુ ગુજરાતીમાં તરજુમો કર્યો છે.
ભૂલ થવા પામી હોય તો સુધારીને વાંચવા વિનંતિ છે.

This page is intentionally left blank